ગાંધીનગર સમાચાર

ગાંધીનગરના ટુ-વ્હીલર ચાલકોને વિના મૂલ્યે પ્રોટેકશન ગાર્ડ લગાડી અપાઈ

# શહેરમાં મા-જગદંબાનો પ્રાગટયોત્સવ ઉજવાયો







ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ સ્થિત શકિત ચોક જય અંબે પરિવાર દ્વારા આજે જગત જનની માં જગદંબાના પ્રાગટય દિન નિમિતે શતક ભોગ અન્નકુટ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જય અંબે પરિવારના ૪૫ તેજસ્વી તારલાઓને શિલ્ડ આપી સન્માનિત કરાયા હતા. જયારે ૩૦ દાતાઓએ રકતદાન કરી ઉમદા પ્રવૃતિ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિ ભકતો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના જય અંબે પરિવાર દ્વારા માં જગદંબાના પ્રાગટય દિન નિમિતે સુંદર ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શતકભોગ અન્નકૂટમાં માતાજીને મીઠાઈ, ફરસાણ, શાકભાજી, અથાણા સહિત ૧૬૫ નાવિન્ય વાનગીઓ ધરાવવામાં આવી હતી. માતાજીના આ શતકભોગ અન્નકુટ માટે જય અંબે પરિવારની બહેનો છેલ્લા ત્રણ દિવસથી વિવિધ વાનગીઓ તૈયાર કરી હતી.

જયારે સવારે ૯ કલાકે આયોજીત સમુહ આરતીમાં ભકતોનું ઘોડાપુર ઉમટ્યું હતું. આ કાર્યક્રમની સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને જુનિયર સિટીઝન કાઉન્સીલના સહયોગથી રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં રકતદાતાઓએ ઉત્સાહભેર રકતદાન કરતા ૩૦ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. જયારે બપોર બાદ ભકિત વંદના સમૂહ સ્વાધ્યાય અને આનંદના ગરબાનું પઠન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જય અંબે પરિવારના કે.જી.થી કોલેજ તેમજ ઉચ્ચ અભ્યાસક્રમમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલા ૪૫ વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે નાના ભુલકાઓને વિવિધ ગેમ આપવામાં આવી હતી. માતાજીના પ્રાગટય દિન નિમિતે સવારથી જ સેકટર-૧૩ ના શકિતચોક ખાતે જય અંબે પરિવારના સભ્યો સહિત ભકતો મોટી સંખ્યામાં માતાજીના દર્શન કરવા ઉમટી પડયા હતા. સવારથી સાંજ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમને પગલે અનોખો ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. જયારે સૌ ભકતોએ માતાજીના પ્રસાદનો લ્હાવો લીધો હતો. જય અંબે પરિવાર દ્વારા અન્નકૂટ મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

જય અંબે પરિવાર સમગ્ર વર્ષ દરમિયાન સ્નેહમિલન સમારંભ, ગાંધીનગરથી અંબાજીની પદયાત્રા, વ્યસનમુકિત શિબિર, સવા કરોડ નવાર્ણમંત્ર લેખન, ધાર્મિક પ્રવાસ, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમ, શૈક્ષણિક સન્માન સમારંભ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરતું રહે છે.

## દાંડી કુટીરની ચરખા રેસ્ટોરન્ટમાં પીરસાતો 'સાત્વિક થાળ'

### વાંસથી બનેલી બાંબુ પ્લેટમાં પીરસાતી ટ્રેડીશનલ મીઠાઈ સાથેની વાનગીઓ વિદેશી મુલાકાતીઓને પણ આકર્ષી રહી છે...!

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા મંદિરની બાજુમાં તૈયાર થયેલા સોલ્ટ માઉન્ટમાં 'દાંડી કુટીર' બનાવી મહાત્મા ગાંધીજીના જીવન ચરિત્ર્યને દેશ વિદેશના લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન સરકારે કર્યો છે. આ દાંડી કુટીરમાં એક રેસ્ટોરન્ટ બનાવવામાં આવી છે. તેનું નામ પણ 'ચરખા રેસ્ટોરન્ટ' રાખવામાં આવ્યું છે. ચરખા રેસ્ટોરન્ટમાં પીરસાતા 'સાત્વીક થાળ'માં સ્વદેશી વાનગીઓ જ મુકવામાં આવે છે. મીઠાઈ સહિતની ટ્રેડીશનલ વાનગીઓ વિદેશથી આવતા મુલાકાતીઓને પણ આકર્ષિત કરી રહી છે.



ચરખા રેસ્ટોરન્ટ દાંડી કુટીરમાં ભાર્ગવભાઈ નાયક દ્વારા ચલાવવામાં આવી રહી છે. દાંડી કુટીર સાથે મહાત્મા ગાંધીનું નામ જોડાયેલું છે તેને ધ્યાનમાં રાખીને રેસ્ટોરન્ટનું નામ પણ 'ચરખા રેસ્ટોરન્ટ' પાડીને તેમાં પિરસાતી વાનગીઓ સ્વદેશી ટ્રેડીશનલ વાનગીઓ પસંદ કરવામાં આવી છે. વાંસથી બનેલી બાંબુ પ્લેટમાં ફોઈલ પ્લેટ મુકીને અંદર બે ગુજરાતી સાત્વીક સબ્જી, દહીંનું રાયતું કે સુકી ભાજી, દાળ-ભાત, રોટલી, પાપડ-સલાડ, અથાણુ, છાશ અને ટ્રેડીશનલ મિઠાઈ પીરસવામાં આવે છે. મિઠાઈ પણ ફાડા લાપસી, સોજીનો શીરો, ચોખાનો શીરો, સીંગના લાડુ, સુખડી, ગોળના લાડુ તથા બાજરીના રોટલાનો ચુરમો જેવી ટ્રેડીશનલ મીઠાઈ સાત્વીક થાળમાં પીરસવામાં આવે છે. નોંધનીય બાબત છે કે વિદેશથી આવતા મહાનુભાવો અને મુલાકાતીઓ પણ આ ટ્રેડીશનલ ટેસ્ટના દિવાના થઈ રહ્યા છે.

## સંત રોહિદાસ સમાજ મંદિરમાં પતંગોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સ્થિત સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા સંચાલિત ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર દ્વારા પતંગોત્સવ કાર્યક્રમ મંદિર પરિસરમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ પરમાર સહિતના અગ્રણી રમેશ સોલંકી, અમરતભાઈ કાપડિયા, હરગોવિંદભાઈ, નિર્મલ અડાલજા, એચ.એમ. સોલંકી, ડાહ્યાભાઈ પરમાર તેમજ ઉદઘાટક પદે જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર હાજર રહ્યા હતા.




સમગ્ર ભારત દેશમાં ૧૨મી જાન્યુઆરીને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે ત્યારે આ દિવસની ભારતભરમાં યુવાઓ દ્વારા ધમધૂમથી ઉજવણી કરવામાં આવે છે. જેને અનુલક્ષી યુવાઓના આદર્શ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ઉજવાય છે ત્યારે ગાંધીનગર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શહેરના ગ-૨ સર્કલ સ્થિત સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સેવાભાવી કાર્યકરોએ સિવિલ હોસ્પિટલ જઈને રકતદાન કરીને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરી હતી.



## સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા પૌષ્ટિક ચીકી તથા ફુડ પેકેટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સે-૨૭ની સરકારી પ્રાથમિક શાળામાં સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે તથા શિયાળાની ઋતુને અનુરૂપ પૌષ્ટિક ચીકી તથા ફુડ પેકેટનું બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ નં. ૧ના ભાજપના કોર્પોરેટર બરખાબેન જહા, વોર્ડ નં. ૩ના કોર્પોરેટર પ્રીતીબેન દવે, વોર્ડ નં. ૫ના નીલાબેન શુકલ, વોર્ડ નં. ૮ના પ્રવિણાબેન વોરાના સંયુકત ઉપક્રમે આ સેવાકાર્ય સમારોહ યોજાયો હતો. જેમાં નવી ઉગતી પેઢીના બાળકોને નાનપણથી જ દેશભકિતના અમુલ્ય સંસ્કાર મળે તે અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્મ સમાજ મહિલા પાંખના પ્રમુખ ચંદ્રીકાબેન રાવલ તથા મહામંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાયે હાજરી આપી હતી.



નગરની એક શૈક્ષણિક સંસ્થાની બહાર વિદ્યાર્થીઓએ 'ભાર વગરના ભણતર' માટે જાગૃતિ ફેલાવવા સારુ એક વિશિષ્ટ દેખાવ કાર્યક્રમ યોજ્યો હતો. નજીકના તહેવાર ઉત્તરાયણને અનુલક્ષીને આ વિદ્યાર્થીઓએ ઉત્તરાયણ પર ભાર વગરના ભણતર માટેનાં સૂત્રો લખ્યાં હતાં અને પતંગો પ્રદર્શિત કરવા સાથે સૂત્રોચ્ચારો પણ કર્યા હતા. શાળા છૂટવાના સમયે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આ દેખાવથી વિદ્યાર્થીઓ, વાલીઓ, રાહદારીઓનું ધ્યાન તેમની તરફ ખેંચાયું હતું. ઉત્તરાયણ નિમિત્તે પતંગોના માધ્યમથી ભાર વિનાના ભણતર અંગે જાગૃતિ ફેલાવવાનો નિર્ધાર પણ આ વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## લાયોનેસ કલબ અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સંયુકત ઉપક્રમે આઈ-ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર લાયોનેસ કલબ અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટીના સંયુકત ઉપક્રમે સર્વ વિદ્યાલય કેમ્પસ સે-૨૩ સ્થિત એમ.બી. પટેલ પ્રાથમિક કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ માટે આઈ ચેક અપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેકઅપ કેમ્પમાં કન્યા શાળાની બાળાઓની આંખની તપાસ નિઃશુલ્ક કરવામાં આવી હતી ત્યારે જે વિદ્યાર્થીઓને આંખમાં નંબર આવ્યા હોય તેવી બાળાઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાના ઉમદા કાર્યમાં ચતુરભાઈ પટેલ તથા ઉર્વિશભાઈએ સેવા પુરી પાડી હતી. શાળાના પ્રિન્સીપાલ નીરુબેન પટેલ તથા શાળા પરિવારનો સહયોગ સાંપડયો હતો. કાર્યક્રમમાં પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મીતલ રાણા, વૈશાલીબેન જોષી, ભૂતપૂર્વ પ્રમુખ પ્રિયાબેન માનીક તથા લાયોનેસ કલબની બહેનો હાજર રહી હતી.




## ગાંધીનગરના ટુ-વ્હીલર ચાલકોને વિના મૂલ્યે પ્રોટેકશન ગાર્ડ સ્ટીક લગાડી અપાઈ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં ઉત્તરાયણના પર્વમાં ટુ-વ્હીલર વાહન ચાલકોને દોરી વાગવાની અનેક નાની-મોટી ઘટના બનતી હોય છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટુ-વ્હીલર વાહન ચાલકોને દોરી ન વાગે તે માટે તેમના ટુ-વ્હીલરમાં આગળના ભાગે પ્રોટેકશન ગાર્ડ સ્ટીક વિનામૂલ્યે લગાવી આપવાનું આયોજન આજ રોજ ઘ-૪ પાસેની વન વિભાગની કચેરી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

નગરના ૫૦૦ જેટલા ટુ-વ્હીલર ચાલકોને આ પ્રોટેકશન ગાર્ડ સ્ટીક વિના મૂલ્યે લગાડી આપવામાં આવી હતી. આ પ્રોટેકશન ગાર્ડ સ્ટીકની ખરીદી માટેની રકમ જિલ્લા વહીવટી તંત્રના અધિકારી – કર્મચારીઓ દ્વારા પોતાના પોકેટમાંથી આપવામાં આવી હતી. આ કરૂણા અભિયાન અંતર્ગત આ ગાર્ડની ખરીદી માટે જિલ્લામાંથી અંદાજે ૧૪ હજાર રૂપિયા એકઠા થયા હતા. જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈએ ટુ-વ્હીલર ચાલકો પાસેથી આ ઉમદા કરૂણા અભિયાન અંતર્ગત શરૂ કરવામાં આવેલા નવતર પ્રયોગ માટેનો અભિપ્રાય મેળવ્યો હતો. તમામ ટુ-વ્હીલર ચાલકોએ આ અભિયાનની પ્રશંસા કરી હતી.

## રવાન્ડા (ઈસ્ટ આફ્રિકા)ની ઉચ્ચ સ્તરીય સભ્યોની ટીમ મધુર ડેરીની મુલાકાતે





ગાંધીનગર, તા.૧૨

વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ સમિટ અન્વયે રવાન્ડા (ઈસ્ટ આફ્રિકા)નું ડેલીગેશન ગુજરાતની મુલાકાતે આવ્યું હતું. જેમાં સમિટ દરમિયાન ગુજરાતની ડેરી ઉદ્યોગના વિશ્વ સ્તરીય વિકાસથી આકર્ષાઈને રવાન્ડા અને આસપાસના દેશોમાં ડેરી ઉદ્યોગ વિકાસ પામે તે હેતુથી આજ રોજ મધુર ડેરી, ગાંધીનગરની રવાન્ડાના હાઈ કમિશનર અને બિઝનેશ ડેલીગેશનની બનેલી ઉચ્ચ સ્તરીય સભ્યોની ટીમે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ આર. રાણા અને મધુર ડેરીની મેનેજમેન્ટ ટીમે મધુર ડેરીની પ્રગતિ વિશે તેમજ ભવિષ્યના વિઝન અને મિશનથી તેઓને માહિતગાર કર્યા હતા.